# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ００૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/59 Dt. 11/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'Healthy Skin, Healthy Confidence' વિષય પર હેલ્થ સેશન યોજાયું

## સખિયા સ્કીન ક્લિનિકના ચીફ ડર્મટોલોજીસ્ટ ડો. જગદીશ સખિયાએ ત્વચા અને વાળના સ્વાસ્થ્ય અંગેની ગેરમાન્યતાઓ દૂર કરી આપ્યું માર્ગદર્શન

### 60 વર્ષથી વધુ વયના 10 માંથી 1 વ્યક્તિને કેન્સર થવાનું જોખમ રહે છે: વાર્ષિક ફૂલ બોડી ચેકઅપ કરાવવું અનિવાર્ય

### સફેદ ડાઘ (વિટિલિગો) કોઈ ચેપી રોગ નથી પણ ઓટો ઇમ્યુન ડિસીઝ છે; સફેદ વસ્તુઓ ખાવાથી કે અડવાથી ફેલાતો નથી

### સનસ્ક્રીન માત્ર ઉનાળામાં જ નહીં પરંતુ દરેક ઋતુમાં અને ઘરમાં હોવ ત્યારે પણ લગાવવું જરૂરી: ડો. જગદીશ સખિયા

સુરત, 11 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા રવિવાર તા. 09 ઓગષ્ટ 2026ના રોજ સવારે 10:30 કલાકે નાનપુરા સ્થિત 'સમૃદ્ધિ બિલ્ડિંગ' ખાતે 'Healthy Skin, Healthy Confidence: Separating Facts from Myths' વિષય પર એક વિશેષ જાગૃતિ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં વક્તા તરીકે સખિયા સ્કીન ક્લિનિકના ચીફ ડર્મટોલોજીસ્ટ ડો. જગદીશ સખિયાએ

ઉપસ્થિત રહીને ત્વચા તથા વાળની સંભાળ અંગે વ્યાપક ગેરમાન્યતાઓ દૂર કરી શહેરીજનોને વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડી હતી.

## 60 વર્ષ પછી કેન્સરનું જોખમ વધુ, વહેલી તપાસ જ શ્રેષ્ઠ નિવારણ

ડો. જગદીશ સખિયાએ 'પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર' પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, "વર્ષમાં એકવાર ફૂલ બોડી ચેકઅપ કરાવવું અત્યંત જરૂરી છે. હાલના સમયમાં 60 વર્ષથી વધુ વય ધરાવતા 10માંથી 1 વ્યક્તિને કેન્સર થવાનું જોખમ રહેલું છે. ત્વચાના કોઈપણ રોગમાં સમયસર તપાસ કરાવવાથી ગંભીર પરિણામોથી બચી શકાય છે." તેમણે ઉમેર્યું હતું કે ત્વચા એ માત્ર સૌંદર્યનું સાધન નથી પરંતુ શારીરિક સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસનો મુખ્ય ભાગ છે.

## ત્વચા, વાળ અને સનસ્ક્રીન અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન:

- **ખરતા વાળ અને જીવનશૈલી:** નાની વયે વાળ ખરવા પાછળ ખરાબ ડાયટ, માનસિક તણાવ, અપૂરતી ઊંઘ અને સ્મોકિંગ જેવા કારણો જવાબદાર છે. સલૂનમાં કરવામાં આવતી કેમિકલ હેર ટ્રીટમેન્ટ પણ વાળના મૂળને નુકસાન પહોંચાડે છે.

- **સફેદ ડાઘ (વિટિલિગો):** વિટિલિગો એ કોઈ સ્પર્શથી કે સફેદ વસ્તુઓ ખાવાથી ફેલાતો ચેપી રોગ નથી, પરંતુ આંતરિક ઓટો ઇમ્યુન ડિસીઝ  છે. 18 વર્ષ પહેલાં દેખાય તો જ તે વારસાગત હોવાની શક્યતા રહે છે.

- **સનસ્ક્રીનનું મહત્વ:** સૂર્યના હાનિકારક UV-A અને UV-B કિરણોથી બચવા સનસ્ક્રીન માત્ર ઉનાળામાં જ નહીં પણ તમામ ઋતુમાં અને ઘરમાં હોવ ત્યારે પણ લગાવવું જોઈએ. ચહેરા પર વપરાતા  ક્રીમ, મોઇશ્ચરાઇઝર કે ઓઇલની પસંદગી સ્કીન સ્પેશિયાલિસ્ટની સલાહ મુજબ જ કરવી જોઈએ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને કો-ચેરપર્સન ડો. સોનિયા ચંદાનીએ વક્તાનો પરિચય આપ્યો હતો. સમગ્ર સેશનનું સંચાલન પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. રાજન દેસાઈએ કર્યું હતું અને અંતમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.